# દિવ્ય ભાસ્કર

Date: 25 July, 2017

# અમદાવાદમાં યોજાઈ કેરમની સ્પર્ધા

## લખન ઉન્ડકટ, સૌરભ શર્મા અને બાબુ કન્નાર કેરમની સ્પર્ધામાં વિજેતા

**Carrom**

અમદાવાદમાં સોશિયો ગેમ્સ દ્વારા ડેક્લાથોન ખાતે કેરમની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 100 લોકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા ડબલ્સ અને સિંગલ્સ એમ બે કેટેગરીમાં યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં અમદાવાદના અનેક સરકારી એકમો અને કોર્પોરેટ કંપનીઓના કેરમના ખેલાડીઓએ પણ ભાગ લીધો હતો. સિંગલ્સની ફાઈનલમાં લખન ઉનડકટ અને સમિર પરમાર પહોંચ્યા હતા. લખને સમિરને 3 રાઉન્ડની ગેમમાં 2-0થી હરાવ્યો હતો. ડબલ્સની ફાઈનલ સૌરભ શર્મા, બાબુ કન્નાર અને રવિ પ્રજાપતિ, વિરેન્દ્ર સિંઘ વચ્ચે રમાઈ હતી. જેમાં સૌરભ પરમાર અને બાબુ કન્નારે રવિ પ્રજાપતિ અને વિરેન્દ્ર સિંઘને ત્રણ રાઉન્ડની ગેમમાં 2-0થી હરાવ્યા હતા. કેરમની ગેમ અંગે સોશિયો ગેમ્સના ફાઉન્ડર જય શાહે જણાવ્યું હતું કે 'આ ગેમ અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટે કરી હતી અને તેમાં કેટલાક અંશે અમે પણ સફળ થયા છીએ. તેનો આનંદ છે. સ્પર્ધાનો હેતુ એ છે કે વિવિધ કંપનીઓ આ સ્પર્ધામાં જોડાય જેનાથી લોકો મળે અને પોતાના અનુભવો એકબીજા સાથે શેર કરે. આગામી સપ્ટેમ્બર અને ઓગસ્ટ મહિનામાં સોશિયો ગેમ્સ બેડમિન્ટન અને ટેબલ ટેનિસની ચેમ્પિયનશિપ યોજશે.'





